## //**સમરી નં.૬૪/૨૦૨૪ના કામે આંક–૦૧ હેઠળ હુકમ** //

ફરિયાદીની ફરિયાદ, ત.ક.અધિકારીનો રીપોર્ટ, ફરિયાદીની આંક–૦૨ની વિડ્રો પુરસીસ વંચાણે લીધી. વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ફરિયાદીએ તેણીના પતિ હિરેનકુમાર યોગેશકુમાર મહેતાનું વાહન અકસ્માતમાં મોત થયેલાની ફરિયાદ આપેલ હતી. ત્યારબાદ ગુનાના કામે તપાસ કરતાં ફરિયાદીના પતિ હિરેનકુમાર યોગેશકુમાર મહેતાને લીવરમાં ઈન્ફેકશન થવાની હાર્ટ એટેક આવતાં મરણ ગયેલા જણાય આવેલ છે. આમ, ફરિયાદીના પતિ હિરેનકુમાર યોગેશકુમાર મહેતા સાથે વાહન અકસ્માત થવાથી મૃત્યુ થયેલ નથી અને ફરિયાદીએ ગેરસમજથી વાહન અકસ્માતની ફરિયાદ આપેલ છે. ફરિયાદીએ આંક–૦૨થી વિડ્રો પુરસીસ આપી તેઓ કોઈ કાર્યવાહી કરવા માંગતાં નહીં હોવાનું અને સી સમરી મંજુર કરવામા આવે તો વાંધો નથી તેમ જણાવેલ છે. જેથી ફરિયાદ તે હકીકતની ભુલના કારણે થયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવતું હોય માંગ્યા મુજબની **વર્ગ–''સી'' સમરી મંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩મી, માહે. ડિસેમ્બર, સને–૨૦૨૫ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૩/૧૨/૨૦૨૫**
**અમદાવાદશહેર.**

**(એ.જી. ઓઝા)**
**૧૦મા એડિ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદશહેર.**
**કોડ નં. GJ-00839**